
તારીખ : 26/07/2026

# ગુજરાતમાં મેઘરાજાનું ફરી તોફાની આગમન: 265 તાલુકામાં વરસાદ, અનેક વિસ્તારો જળબંબાકાર

ગુજરાતમાં મેઘરાજાએ ફરી એકવાર જોરદાર બેટિંગ કરતાં રાજ્યના અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસ્યો છે. છેલ્લા 24 કલાક દરમિયાન રાજ્યના કુલ 265 તાલુકાઓમાં વરસાદ નોંધાયો, જેના કારણે અનેક શહેરો અને ગામોમાં જનજીવન પ્રભાવિત બન્યું છે. ભારે વરસાદને પગલે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવા, માર્ગો પર જળબંબાકાર જેવી સ્થિતિ અને વાહનવ્યવહાર પર અસર જોવા મળી રહી છે.હવામાન વિભાગના આંકડા મુજબ છેલ્લા 24 કલાકમાં રાજ્યના પાંચ તાલુકાઓમાં 10થી 15 ઈંચ તથા 15 તાલુકાઓમાં 5થી 8 ઈંચ સુધી વરસાદ નોંધાયો છે. ભારે વરસાદને કારણે સ્થાનિક તંત્ર દ્વારા સાવચેતીના પગલાં લેવામાં આવ્યા છે અને પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે.રાજ્યમાં સૌથી વધુ વરસાદ પાટણ જિલ્લાના સાંતલપુરમાં 15 ઈંચ નોંધાયો છે. ત્યારબાદ રાધનપુરમાં 13.46 ઈંચ, ભાભરમાં 11.30 ઈંચ, દિયોદરમાં 10.83 ઈંચ અને નડિયાદમાં 10.31 ઈંચ વરસાદ નોંધાયો છે.હવામાન વિભાગે આગામી દિવસોમાં પણ રાજ્યના કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરી છે. નાગરિકોને બિનજરૂરી મુસાફરી ટાળવા, નદી-નાળા અને જળાશયોની નજીક ન જવા તેમજ સ્થાનિક તંત્રની સૂચનાઓનું પાલન કરવા અપીલ કરવામાં આવી છે.

તારીખ : 26/07/2026

# અમરેલી પંથકમાં 2.9ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો



અમરેલી જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી વરસી રહેલા વરસાદ વચ્ચે શનિવારે વહેલી સવારે ભૂકંપનો હળવો આંચકો અનુભવાતા અમુક વિસ્તારોમાં લોકોમાં ક્ષણિક ગભરાટ ફેલાયો હતો. ખાંભા તાલુકાનાજીકીયાળી–વાંકીયા વિસ્તાર નજીક આવેલા કેન્દ્રબિંદુ સાથે રિક્ટર સ્કેલ પર 2.9ની તીવ્રતાનો ભૂકંપ નોંધાયો હતો.મળતી માહિતી મુજબ સવારે 7:41 વાગ્યે આવેલા આ ભૂકંપના આંચકાથી કેટલાક વિસ્તારોમાં ઘરોના બારી-દરવાજા ધ્રુજી ઊઠ્યા હતા. જોકે ભૂકંપની તીવ્રતા ઓછી હોવાથી કોઈ જાનહાનિ, ઈજા કે મિલકતને નુકસાન થયાના અહેવાલ પ્રાપ્ત થયા નથી.સિસ્મોલોજી વિભાગના જણાવ્યા અનુસાર ભૂકંપનું કેન્દ્રબિંદુ અમરેલીથી આશરે 41 કિલોમીટર દૂર નોંધાયું હતું. ખાંભા તાલુકાના જીકીયાળી અને વાંકીયા સહિત આસપાસના વિસ્તારોમાં ભૂકંપના આંચકાની અસર અનુભવાઈ હતી.ઉલ્લેખનીય છે કે સાવરકુંડલા–ખાંભા પંથકમાં છેલ્લા કેટલાક સમયથી સમયાંતરે હળવી તીવ્રતાના ભૂકંપના આંચકા નોંધાઈ રહ્યા છે. અગાઉ સાવરકુંડલા તાલુકાના મિતિયાળા સહિતના વિસ્તારોમાં પણ આવા હળવા આંચકા અનુભવાયા હતા.

કે.ડી. NEWS
તારીખ : 26/07/2026

# અમરેલીના વિવિધ ગામડાઓમાં તળાવો છલકાયા : રાજ્યમંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયાએ કર્યા નવા નીરના વધામણા

## દેવળિયામાં ઐતિહાસિક 'અમૃતવર્ષી' વાવ અને શિવ ધામ પ્રવાસનનું નવું કેન્દ્ર બનશે, રૂ. ૨.૫૭ કરોડની પ્રવાસન ગ્રાન્ટથી વિકાસકાર્યો હાથ ધરવામાં આવશે -રાજ્યમંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયા



અમરેલી જિલ્લામાં ચાલુ ચોમાસાની સીઝનમાં થયેલા સાર્વત્રિક અને સારા વરસાદના પગલે સ્થાનિક જળાશયો તેમજ ગ્રામીણ તળાવોમાં વિપુલ પ્રમાણમાં નવા નીરની આવક થઈ છે. આ શુભ અવસરે કાયદો અને ઊર્જા રાજ્યમંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયાએ અમરેલીના દેવભૂમિ દેવળિયા, ચક્કરગઢ, મોટા ભંડારિયા, બાબાપુર, મેડી અને ચાડિયા મુકામે ઉમંગભેર નવા નીરના વધામણા કર્યા હતા.

ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકારના સુજલામ સુફલામ જળસંચય અભિયાનને પ્રકૃતિનો ભરપૂર સાથ મળતા સમગ્ર પંથકના ગ્રામજનો અને ખેડૂતોમાં આનંદની લાગણી છે. અમરેલી, વડિયા અને કુંકાવાવના ૧૧૫ જેટલા ગામોમાં જનભાગીદારીથી તળાવો ઊંડા ઉતારવાની સરાહનીય કામગીરી કરવામાં આવી હતી. સરકારની આ જળસંચયની નેમ આજે સાકાર થતી જોવા મળી રહી છે. રાજ્યમંત્રીશ્રીએ

# ચોમાસાંના પગલે દેવભૂમિ દેવળિયા, ચક્કરગઢ, મોટા ભંડારિયા, બાબાપુર, મેડી અને ચાડિયા મુકામે તળાવોમાં નવા નીરની આવક

## જળસંચયની નેમ સાકાર થઈ : અમરેલી-વડિયા-કુંકાવાવના ૧૧૫ ગામોમાં તળાવો ઊંડા કરાતા ભૂગર્ભ જળ સ્તર ઊંચા આવશે



અમરેલીના દેવભૂમિ દેવળિયા મુકામે જણાવ્યું કે, અહીંનું ઐતિહાસિક સ્થાપત્ય 'અમૃતવર્ષી' વાવ અને શિવ ધામ પ્રવાસનનું નવું કેન્દ્ર બનશે. કુલ રૂ. ૨.૫૭ કરોડની ગ્રાન્ટથી વિવિધ વિકાસકાર્યો હાથ ધરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, રાજ્યમંત્રીશ્રીએ પૌરાણિક વાવ અને શિવ મંદિરના સ્થાપત્યને નિહાળીને શિવજીના ચરણોમાં શીશ ઝુકાવીને પૂજા અર્ચન કર્યું હતું.દેવળિયા સ્થિત આ બેનમૂન સ્થાપત્ય ૬૭૦ વર્ષ જૂનું છે અને ઐતિહાસિક વિરાસતનું પ્રતિક મનાય છે. પુરાતત્વ વિભાગના સર્વેક્ષણ અનુસાર, આ વાવ વિશિષ્ટ 'અમૃતવર્ષી' પ્રકારની વાવ છે, જે તેના કલાત્મક ડિઝાઈન અને પથ્થરના દરવાજાને લીધે અદ્ભુત દેખાય છે. આ પૌરાણિક શિવ મંદિરના સર્વાંગી વિકાસ માટે ગુજરાત સરકારના પ્રવાસન વિભાગ દ્વારા પ્રવાસનલક્ષી વિકાસકાર્યો હાથ ધરવામાં આવશે અને પ્રવાસનને વેગ મળશે. રાજ્યમંત્રીશ્રીએ મોટા ભંડારિયા મુકામે દાતાશ્રીઓના સહયોગથી નિર્મિત ભવ્ય પ્રવેશદ્વારનું પણ લોકાર્પણ કર્યું હતું. આ તકે સતાધાર-આપાગીગા ધામના મહંત શ્રી વિજયબાપુ અને સાવરકુંડલા લીલીયા વિસ્તારના ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલા ઉપસ્થિત રહ્યા હતા. કૃષિ સમૃદ્ધિ અને જળસંગ્રહ-જળ એ જ સમૃદ્ધ ખેતીનો મુખ્ય આધાર છે. જળસંચય થકી આસપાસના વિસ્તારોના ભૂગર્ભ જળ સ્તર (વોટર ટેબલ) નોંધપાત્ર રીતે ઊંચા આવશે. કુવા અને બોરવેલમાં પાણીના તળ સુધરવાથી ખેડૂતોને રવિ પાક અને ઉનાળુ ખેતી માટે સિંચાઈની ઉત્તમ સુવિધા મળી રહેશે. આમ, આયોજનબદ્ધ જળસંગ્રહ એ માત્ર પાણી બચાવવાનું અભિયાન નથી, પરંતુ ગ્રામીણ અર્થતંત્રને મજબૂત કરી ખેડૂતો માટે ટકાઉ 'કૃષિ સમૃદ્ધિ'ના નવા દ્વાર ખોલનારો સુવર્ણ અવસર સાબિત થશે. રાજ્યમંત્રીશ્રીએ નવા નીરના વધામણા કરીને જિલ્લાની ઉત્તરોત્તર પ્રગતિ માટે મંગલ શુભકામનાઓ વ્યક્ત કરી હતી. અમરેલી તાલુકાના વિવિધ ગામડાઓમાં નવા નીર વધામણા કાર્યક્રમમાં જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત હોદ્દેદારો, ગ્રામ પંચાયત સરપંચશ્રી અને સભ્યશ્રીઓ, સ્થાનિક આગેવાનો, બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં.





નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 26/07/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# ગાયનેક નર્સિંગ સ્ટાફ ની જરૂર છે..

# દ્વારકાધીશ વુમન્સ હોસ્પિટલ

અનુભવી ને પહેલી પસંદગી
તેમજ સાફ સફાઈ માટે
લેડીઝ સ્ટાફની જરૂર છે.
રૂબરૂ મુલાકાત લેવી..
સાંજે 5 થી 8

**મહુવારોડ, સાવરકુંડલા.**
**મો. 76007 68076**

કે.ડી. NEWS
તારીખ : 26/07/2026

# સ્વામિનારાયણ ગુરુકુળ ખાંભા ખાતે એકાદશી નિમિત્તે ખલેલાનો અદભુત શણગાર; ભક્તોમાં ભક્તિભાવનો અનોખો માહોલ



25 જુલાઈ 2026 શનિવારના રોજ એકાદશીના પાવન અવસરે શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ, ખાંભા ખાતે ઘનશ્યામ મહારાજને ખલેલાનો અતિ મનમોહક અને દિવ્ય શણગાર કરવામાં આવ્યો હતો. રંગબેરંગી પુષ્પો, આકર્ષક સજાવટ અને ભક્તિમય વાતાવરણ વચ્ચે થયેલા આ શણગારે હરિભક્તોના હૃદયને સ્પર્શી લીધા હતા.દિવસભર મોટી સંખ્યામાં હરિભક્તો ગુરુકુળ ખાતે ઉમટી પડ્યા હતા. ભક્તોએ ભગવાનના દિવ્ય દર્શન કરી ભક્તિભાવપૂર્વક પ્રાર્થના અર્પી અને એકાદશીના પવિત્ર દિવસે દર્શનનો અમૂલ્ય લાભ મેળવી ધન્યતા અનુભવી હતી.ગુરુકુળ પરિસરમાં સતત ધૂન, કીર્તન અને હરિસ્મરણના પવિત્ર સ્વરોથી સમગ્ર વાતાવરણ આધ્યાત્મિક ઊર્જાથી છલકાતું રહ્યું હતું. ભગવાનના અદભુત શણગારના દર્શન કરીને ભક્તોએ પ્રસન્નતા વ્યક્ત કરી અને આ દિવ્ય આયોજનની હૃદયપૂર્વક સરાહના કરી હતી. એકાદશીના પવિત્ર પર્વે યોજાયેલા આ દિવ્ય દર્શન અને ભક્તિમય કાર્યક્રમથી સમગ્ર ગુરુકુળ પરિસર ભક્તિમય બન્યું હતું અને ઉપસ્થિત સૌ ભક્તોએ જીવનમાં આધ્યાત્મિક શાંતિ તથા અલૌકિક આનંદની અનુભૂતિ કરી હતી.

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 26/07/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# બે મકાન ભાડે આપવાના છે...

## 2BHK તમામ પ્રકારની સુવિધાવાળા ૨ મકાન વિદ્યુતનગર, સાવરકુંડલામાં ભાડે આપવાના છે.

: સંપર્ક :

**મો. 97235 35154**
**94275 55488**

કે.ડી NEWS
તારીખ : 26/07/2026

# લાઠીના ટોડા નજીક એસટી બસ માર્ગ પરથી નીચે ઉતરી; સદનસીબે કોઈ જાનહાનિ નહીં



અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના ટોડા ગામ નજીક શનિવારે સવારે અમરેલીથી અમદાવાદ જતી એસટી બસના ડ્રાઈવરની અચાનક તબિયત બગડતાં બસ પરનો કાબૂ ગુમાવ્યો હતો, જેના કારણે બસ માર્ગ પરથી નીચે ખાળિયામાં ઉતરી ગઈ હતી. જોકે સદનસીબે બસ પલટી ન જતાં કોઈ મુસાફરને ઈજા પહોંચી નહોતી અને મોટી દુર્ઘટના ટળી હતી.મળતી માહિતી મુજબ, અમરેલી ડેપોમાંથી સવારે અમદાવાદ જવા માટે નીકળેલી બસ ટોડા ગામ નજીક પહોંચતા ડ્રાઈવરની તબિયત વધુ લથડી જતાં બસ પરનો કાબૂ ગુમાવી બેઠા હતા. પરિણામે બસ માર્ગની બાજુમાં આવેલા ખાળિયામાં ઉતરી ગઈ હતી.સદનસીબે બસ પલટી ન જતાં તમામ મુસાફરો સુરક્ષિત રહ્યા હતા અને કોઈ જાનહાનિ કે ઈજાની ઘટના બની નહોતી. જોકે અચાનક સર્જાયેલી આ ઘટનાથી બસમાં સવાર મુસાફરોમાં થોડા સમય માટે ભયનો માહોલ સર્જાયો હતો.ઘટના બાદ બસના કંડક્ટરે તાત્કાલિક સતર્કતા દાખવી ડ્રાઈવરને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડ્યા હતા. ત્યારબાદ એસટી તંત્ર દ્વારા અન્ય બસની વ્યવસ્થા કરવામાં આવી હતી અને બીજા ડ્રાઈવર તથા કંડક્ટરને મોકલી તમામ મુસાફરોને તેમના ગંતવ્યસ્થાને સુરક્ષિત રીતે રવાના કરવામાં આવ્યા હતા.સમયસર લેવાયેલી કામગીરી, કંડક્ટરની સતર્કતા અને સદનસીબે બસ પલટી ન જતાં મોટી દુર્ઘટના ટળી હતી, જેના કારણે મુસાફરો તથા તેમના પરિવારજનોએ રાહતનો શ્વાસ લીધો.

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 26/07/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# હા...હા... ઘર આંગણાની ઓફર જે તમને બનાવશે માલામાલ...

# ડબલ ધમાકા કાર ઓફર-૨૦૨૭




T & C APPLY*

કુલ ઈનામો ૫૫૧

₹ ૭૫૦૦ 'ફ્રી' ખરીદી પર એક માલામાલ કુપન

તા. ૧૬-૦૭-૨૦૨૬ થી તા. ૩૧-૧૨-૨૦૨૬ સુધી માન્ય...

તો રાહ કોની જુઓ છો ?? ચમકાવો નસીબ અને બનો માલામાલ !!!

## સોનિક® જવેલર્સ લી.

હવેલી શેરી, સાવરકુંડલા. ફોન : ૨૨૩૨૯૦, મો. ૬૩૫૪૧ ૦૯૪૦૮

તારીખ : 26/07/2026

# કારગિલ વિજય દિવસ : શૌર્ય, પરાક્રમ અને બલિદાનને વંદન




દર વર્ષે 26 જુલાઈના રોજ સમગ્ર ભારત કારગિલ વિજય દિવસ ઉજવે છે. વર્ષ 1999માં કારગિલ યુદ્ધ દરમિયાન ભારતીય સેનાએ અદમ્ય શૌર્ય, અખૂટ સાહસ અને અપરિમિત બલિદાનના બળે દુશ્મનને પરાસ્ત કરીને દેશની અખંડિતતા અને સરહદોની સફળતાપૂર્વક રક્ષા કરી હતી. આ ઐતિહાસિક વિજયની સ્મૃતિમાં દર વર્ષે 26 જુલાઈએ કારગિલ વિજય દિવસ ઉજવવામાં આવે છે.કારગિલના બર્ફીલા અને દુર્ગમ પર્વતો પર ભારતીય જવાનોએ પોતાના પ્રાણોની આહુતિ આપી માતૃભૂમિની રક્ષા કરી હતી. તેમનું શૌર્ય, દેશપ્રેમ અને બલિદાન દરેક ભારતીય માટે ગૌરવ અને પ્રેરણાનું પ્રતિક છે.કારગિલ વિજય દિવસ માત્ર વિજયનો ઉત્સવ નથી, પરંતુ દેશ માટે સર્વસ્વ અર્પણ કરનારા અમર શહીદોને કૃતજ્ઞતાપૂર્વક યાદ કરવાનો પવિત્ર અવસર છે. આ દિવસ આપણને દેશપ્રેમ, રાષ્ટ્રનિષ્ઠા અને કર્તવ્યપરાયણતાની ભાવના વધુ મજબૂત બનાવવાનો સંદેશ આપે છે.આ પાવન દિવસે દેશના તમામ શહીદ વીરોને શત્ શત્ નમન અને ભારતીય સેનાના શૌર્યને હૃદયપૂર્વક સલામ."શહીદો અમર છે... તેમના બલિદાનથી જ ભારતનું ગૌરવ અખંડ છે."

નો નેગેટીવ ન્યુઝ


# કે.ડી. NEWS

તારીખ : 26/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




કલ્યાણ કોમ્પલેક્ષ, કલ્યાણેશ્વર મહાદેવ મંદિરની સામે, મહુવા રોડ, સાવરકુંડલા.
99041 41874 / 70961 31005

પ્રચાર નહીં તો વેપાર નહીં...

પ્રકાશ પ્રિન્ટર્સ

## તમારા બિઝનેસ લોગો અને ડિજિટલ સાથે

# પોસ્ટર મેળવો

માત્ર **249** 1 વર્ષ માટે

બેસ્ટ ઓફર

7 આકર્ષક ડીફોલ્ટ ફ્રેમ +
1 કસ્ટમ ફ્રેમ (આપની ચોઇસની)

વોટ્સેપ + ફેઇસબુક + ઇન્સ્ટાગ્રામ + સ્ટેટસ માટે




- ફેસ્ટીવલ ઈમેજ
- ગુડ મોર્નિંગ પોસ્ટ
- ગુડ નાઈટ પોસ્ટ
- બર્થ ડે પોસ્ટ
- પોલીટીકલ પોસ્ટ
- સુવિચાર પોસ્ટ
- મોટીવેશનલ પોસ્ટ
- સ્પેશ્યલ કેટેગરી

સુપ્રસિદ્ધ સ્થાનીક સંતો મહંતોના જન્મ જયંતી તેમજ જન્મદિવસની પોસ્ટ સમાવેશ

2 દિવસે ડેમો ફ્રી

## સાથે મેળવો

અમરેલી જિલ્લાની વોટ્સેપ
તેમજ કોલીંગ ડીરેક્ટરી
અને આપનું પ્રિય પ્રકાશ મેળવો ....




દર મહિને ડ્રો કરી બે વિજેતાઓને (મેમ્બસીપ લીધેલ)
આકર્ષક ગીફ્ટ આપવામાં આવશે.

તો આજેજ કૉલ કરો અને ઓફરનો લાભ લો!

# PRAKASH PRINTERS

વધારે માહિતી માટે સંપર્ક કરો Mo. 9409545745

ક્રેડ્ડી NEWS
તારીખ : 26/07/2026

# કારગિલ વિજય દિવસ નિમિત્તે જાફરાબાદમાં શહીદ જવાનોને અપાશે ભાવભીની શ્રદ્ધાંજલિ

## દેશભક્તિપૂર્ણ કાર્યક્રમમાં બે મિનિટનું મૌન, પ્રેરણાદાયી વક્તવ્ય સહિત વિવિધ આયોજન



અમરેલી જિલ્લાના જાફરાબાદ ખાતે કારગિલ વિજય દિવસ નિમિત્તે શહીદ જવાનોને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરવા માટે વિશેષ દેશભક્તિપૂર્ણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.આ કાર્યક્રમ તા. *26 જુલાઈ, 2026 (રવિવાર)*ના રોજ રાત્રે 8:00 વાગ્યે જાફરાબાદના ગિરિરાજ ચોક સ્થિત હનુમાન મંદિર ખાતે યોજાશે. માનવસેવા મંડળ દ્વારા છેલ્લા 26 વર્ષથી અવિરતપણે યોજાતા આ કાર્યક્રમમાં કારગિલ યુદ્ધ સહિત દેશની સુરક્ષા માટે પોતાના પ્રાણોની આહુતિ આપનાર તમામ શહીદ સૈનિકોને કૃતજ્ઞતાપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવશે.કાર્યક્રમ દરમિયાન શહીદોની સ્મૃતિમાં બે મિનિટનું મૌન પાળવામાં આવશે. ઉપરાંત દેશપ્રેમ, રાષ્ટ્રસેવા અને શહીદોના બલિદાનથી પ્રેરિત કરતા પ્રસંગો પર પ્રેરણાદાયી વક્તવ્યો યોજાશે, જેથી યુવા પેઢીમાં દેશભક્તિ અને રાષ્ટ્રસેવાની ભાવના વધુ મજબૂત બને.માનવસેવા મંડળના પ્રમુખ રમેશભાઈ ચુડાસમાએ તમામ દેશપ્રેમી નાગરિકોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી દેશના અમર શહીદોને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરવા અને કાર્યક્રમને સફળ બનાવવા અપીલ કરી છે.

# કે.ડી. NEWS

નો નેગેટીવ ન્યુઝ

તારીખ : 26/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




કે.ડી. NEWS

તારીખ : 26/07/2026

# સન્ડે સ્પેશિયલ

## દુનિયા બદલનારા લોકો પાસે પણ દિવસના 24 કલાક જ હતા...

ઈતિહાસ સાક્ષી છે કે મહાન લોકો અને સામાન્ય માણસ વચ્ચેનો સૌથી મોટો તફાવત સમયનો નહોતો, પરંતુ સમયનો ઉપયોગ કરવાનો હતો.ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ અને પ્રખ્યાત વૈજ્ઞાનિક ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ કહેતા હતા: "સપનાં એ નથી જે ઊંઘમાં આવે, સપનાં એ છે જે તમને ઊંઘવા ન દે." આ એક વાક્ય લાખો યુવાનો માટે પ્રેરણાનો સ્ત્રોત બન્યું છે.કલામ સાહેબનું બાળપણ અત્યંત સામાન્ય પરિસ્થિતિમાં પસાર થયું. નાનપણમાં અખબારો વહેંચતા આ બાળકે પોતાના પરિશ્રમ, શિસ્ત અને શિક્ષણના બળે ભારતના સર્વોચ્ચ પદ સુધીની સફર કરી. તેમની સફળતા આપણને શીખવે છે કે સંજોગો નહીં, પરંતુ સંકલ્પ જીવનની દિશા નક્કી કરે છે.દરેક સફળ વ્યક્તિના જીવનમાં સંઘર્ષ આવ્યો છે, નિષ્ફળતા પણ આવી છે. પરંતુ તેમણે નિષ્ફળતાને અંત નહીં, નવી શરૂઆત બનાવી. આ જ વિચાર આજે પણ એટલો જ પ્રાસંગિક છે.આ રવિવારે થોડો સમય પોતાના સપનાઓ વિશે વિચારો. ગયા અઠવાડિયાની ભૂલોમાંથી શીખો, નવી યોજના બનાવો અને આવનારા દિવસો માટે આત્મવિશ્વાસ સાથે આગળ વધો. કદાચ આજનો એક નાનો નિર્ણય તમારા આવતીકાલની મોટી સફળતાનું કારણ બની શકે.યાદ રાખો: સફળતા કોઈ એક દિવસમાં મળતી નથી, પરંતુ દરરોજ કરેલા નાના અને સાચા પ્રયત્નોનું પરિણામ હોય છે.

**સન્ડે સ્પેશિયલનો સંદેશ:**

**"સપનું જોવાની હિંમત રાખો, મહેનત કરવાની તૈયારી રાખો અને સમયનું મૂલ્ય સમજો—સફળતા એક દિવસ ચોક્કસ તમારા દ્વારે આવશે."**

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 26/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




તારીખ : 26/07/2026

# ઈશ્વરિયા ગામે નવા નીરના વધામણા: શાસ્ત્રોક્ત વિધિ સાથે રાજ્યકક્ષાના મંત્રી કૌશિકભાઈ વેકરીયાની ઉપસ્થિતિમાં હર્ષોલ્લાસભર્યો કાર્યક્રમ



અમરેલી જિલ્લાના કુંકાવાવ તાલુકાના ઈશ્વરિયા ગામે તળાવમાં નવા નીરનું આગમન થતાં સમગ્ર ગામમાં આનંદ, ઉત્સાહ અને આશાનું અનોખું વાતાવરણ સર્જાયું હતું. પ્રકૃતિની કૃપાથી તળાવમાં નવા પાણીની આવક થતાં ખેડૂતો તેમજ ગ્રામજનોમાં ખુશીની લાગણી વ્યાપી ગઈ હતી. નવા નીરને સુખ, સમૃદ્ધિ અને સારા ચોમાસાના શુભ સંકેત તરીકે આવકારી ગ્રામજનોએ હર્ષોલ્લાસ સાથે વધામણા કર્યા હતા.પ્રસંગની શરૂઆત ભૂદેવો દ્વારા શાસ્ત્રોક્ત વિધિ, પૂજન અને મંત્રોચ્ચાર સાથે કરવામાં આવી હતી. વૈદિક મંત્રોના પાવન ઉચ્ચાર વચ્ચે નવા નીરનું પૂજન કરી સમગ્ર વિસ્તારના સુખ, સમૃદ્ધિ, સારા વરસાદ અને હરિયાળી માટે પ્રાર્થના કરવામાં આવી હતી.આ પ્રસંગે રાજ્યકક્ષાના મંત્રી અને અમરેલીના ધારાસભ્ય શ્રી કૌશિકભાઈ વેકરીયા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે ગ્રામજનો સાથે નવા નીરના વધામણામાં ભાગ લઈ સૌને શુભેચ્છાઓ પાઠવી હતી તેમજ જળસંરક્ષણ અને પાણીના સદુપયોગનો સંદેશ આપ્યો હતો.કાર્યક્રમમાં રાજકીય અને સામાજિક આગેવાનો, ગામના ચૂંટાયેલા પ્રતિનિધિઓ, અગ્રણી નાગરિકો, ખેડૂતો તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. સૌએ એકસાથે નવા નીરનું વધામણું કરી પ્રકૃતિ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.ઈશ્વરિયા ગામમાં યોજાયેલો આ ભાવભર્યો કાર્યક્રમ ગ્રામજનોમાં નવી આશા અને વિશ્વાસનું પ્રતીક બન્યો હતો. નવા નીરના આગમનથી ખેતી, પશુપાલન અને ગ્રામ્ય જીવનમાં સમૃદ્ધિના નવા દ્વાર ખુલશે તેવી આશા સૌએ વ્યક્ત કરી હતી.





નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 26/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટસએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# HAPPY BIRTHDAY



## વિશાલભાઈ
## જગદીશભાઈ ત્રિવેદી
## ભાવનગર

HAPPY BIRTHDAY

તારીખ : 26/07/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

એનિવર્સરી કેક - બેબીશાવર કેક - સગાઈ કેક
ફોન્ડન્ટ કેક - મેક અપ કીટ કેક - ફોટો કેક

અઢળક કેકની વેરાયટીઓ



New collection

મેરેજ બોક્સ - ડ્રાયફ્રુટ બોક્સ તેમજ રમકડાં ની અવનવી વેરાયટી

અર્જન્ટ કેક બનાવી આપવામાં આવશે.

બર્થ ડેડેકોરેશન બેબી શાવર ડેકોરેશ ની તમામ આઈટમ મળશે..

તમને મળશે બધાથી અલગ
અને તે પણ આપના બજેટમાં

લાઈવ કેક માટે મુલાકાત લ્યો

સાવરકુંડલામાં તેમજ ડેકોરેશનનું એકમાત્ર વિશ્વાસ પાત્ર સ્થળ

નારોલા લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા મો. 88667 59838



કે.ડી. NEWS
ના પ્લેટફોર્મ પર
જ્યાં રિલ્સ નહીં
બ્રાન્ડ બને છે...
અને આપે છે
વ્યુઝની ગેરંટી અને
સફળતાનો ભરોસો
12K
Reactions and plays
1,526 1,23,873
Reactions and plays
1,573 1,22,466
Reactions and plays
821 1,03,175
Vishwa karma Industrials
Reactions and plays
887 1,01,645
Reels Friends
વિશ્વાસ અને પ્રેમનું
બીજું નામ
Reactions and plays
634 94,382
Reactions and plays
1,149 99,012
આજે જ સંપર્ક કરો
વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે
9724661561

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 26/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ગુરૂદેવ કહે છે...

"આખા શરીરમાં એક માત્ર જીભ એવું અંગ છે કે જે તમને Outputમાં સારું આપી શકે છે. બાકી, શરીરનાં અન્ય અંગોના Outputમાં જોઈ લો. મળ અને મૂત્ર, પસીનો અને શ્લેષ્મ, કફ અને થૂંક. બધા જ ગંદા અને મલિન. પણ નિંદકના જીવનની આ કરુણતા જોઈ લો. જીભ દ્વારા Outputમાં મધુર શબ્દો આપવાને બદલે એ નિંદાના ગંદા શબ્દો જ આપતો રહે છે !"




**આચાર્ય વિજય રત્નસુંદર સુરિશ્વરજી મહારાજ**



તારીખ : 26/07/2026

કે.ડી. NEWS

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

Shree Shivkrupanand Swami
**Year2026**

Gurutattva

**3465**
**26/07/2026**
**Sunday**

## आत्मा

गुरु के साथ पवीत्र व
शुद्ध आत्माओ को
"सामुहीकता" होती है,
और उससे जुड़ने के
के लीये आपको भी
वैसा पवीत्र व शुद्ध
बनना होगा

बाबास्वामी
26/7/2026



'Nijdham', Dhyanasthali Gandhinagar, Mahudi Anodiya Road,
Mahudi - 382855, Gandhinagar, Gujarat, India.
**Email :** swamiji.office@gurutattva.org,
**Telegram :** t.me/ShreeShivkrupanandSwami **Whatsapp :** Shivkrupanand Swami

તારીખ : 26/07/2026
કે.ડી. NEWS
નો નેગેટીવ ન્યુઝ
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ગલગલીયા

વિદ્યાર્થીનો જવાબ શિક્ષક:
"રવિવારે શું ભણ્યો?"
વિદ્યાર્થી: "સર, કેલેન્ડર... તેમાં લખ્યું હતું 'Holiday'!"

---

પત્ની: "આજે રવિવાર છે,
કંઈક કામ કરો."
પતિ: "હા, વિચારું છું..."
પત્ની: "શું વિચારવું?"
પતિ: "કામ કાલથી શરૂ કરવાનું!"

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 26/07/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# 26 જુલાઇ
# મહત્વની ઘટનાઓ

## જન્મ

**૧૮૫૬ –**

જ્યોર્જ બર્નાડ શો  આયરિશ નાટ્યકાર, વિવેચક, અને રાજકીય કાર્યકર્તા (અ. ૧૯૫૦)

**૧૮૬૫ –**

રજનીકાંત સેન, (Rajanikanta Sen) ભારતીય કવિ અને સંગીતકાર (અ. ૧૯૧૦)

## અવસાન

**૧૯૯૪ –**

મ. કુ. શ્રી વિરભદ્રસિંહજી કૃષ્ણકુમારસિંહજી ગોહિલ

**૨૦04 –**

કુમારી કંચન દિનકરરાવ માળી, ગુજરાતી મૂળના હિન્દી ફિલ્મોના ગાયિકા (જ. ૧૯૫૦)

## તહેવારો અને ઉજવણીઓ

કારગિલ વિજય દિવસ

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 26/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## વ્યાપારી માટે




**હોલસેલ** ભાવે

નાની-મોટી

**ચીઠ્ઠી બુક**

## વિદ્યાર્થીઓ માટે

**રફ ચોપડા**



તેમજ

લખવા માટેની **કોરી પસ્તી**

SINCE 1923 KD NEWS PAPER

## દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 26/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?

**કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ**



# ફ્રેશ પસ્તી




## સાવરકુંડલા માટે ફ્રી ડીલેવરી

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

# 94997 97973

વોટ્સઅપથી ઓર્ડર માટે

**CLICK HEAR**

તારીખ : 26/07/2026

નો નેગેટીવ ન્યુઝ


# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના સાળંગપુરના આજના દર્શન



## આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો

# કે.ડી ન્યૂઝ સાથે...




76K

53K

38K

100K

**સંપર્ક : મો. 94997 97973**